# કપિલ કથાનક

ક્યારેક મને એમ લાગતું હું બધાથી અલગ છું. એનો અર્થ એ હતો કે બીજા મારા જેવા ન હતા અથવા હું બીજા જેવો ન હતો. મારા અને અન્ય લોકો વચ્ચે કોઈ તફાવત હતો, કોઈક મોટો તફાવત.

હું હંમેશાં એકલા રહેવાનું જ પસંદ કરતો, પણ એક દિવસ બધું બદલાઈ ગયું. મેં કૉલેજમાં એક સુંદર છોકરી જોઈ. એ મારી જ બેંચ પર આવીને બેઠી હતી. એને જોતાં જ હું જાણી ગયો કે એ કોણ હતી, એ ત્યાં કેમ હતી અને અમારા વચ્ચે શું સંબંધ હતો, પણ એને કશું યાદ નહોતું, કેમ કે તે માનવ સ્વરૂપે જન્મી હતી. માનવને ભૂતકાળ યાદ રાખવાની ક્ષમતા કુદરતે આપી છે, પણ પોતાનો પાછળનો જન્મ યાદ નથી હોતો, જોકે અમને હોય છે. એક નાગમાં આગળના જન્મ યાદ રાખવાની અદ્ભુત શક્તિ હોય છે. મારામાં પણ હતી. જોકે એ શક્તિઓ અભિજ્ઞાન જેવી હોય છે. જેમ જેમ એ છોકરી મારી નજીક આવતી ગઈ, હું ગયા જન્મની ઘટનાઓ એક પછી એક વિઝન સ્વરૂપે જોવા લાગ્યો.

મેં એ સુંદર છોકરીથી મારી જાતને દૂર રાખવાનો પ્રયાસ કર્યો, પણ હું નિષ્ફળ રહ્યો. ગયા જન્મની જેમ જ આ જન્મે પણ હું એનાથી દૂર રહેવામાં નિષ્ફળ ગયો. હું ક્યારેય ઇચ્છતો નહોતો કે હું નયનાના જીવનમાં દાખલ થાઉં, કેમ કે મને ગયા જન્મે શું થયું હતું એ બધું યાદ હતું, પણ નયના મારી નજીક આવતી ગઈ, કારણ કે એને યાદ ન હતું કે ગયા જન્મે મારા લીધે એને જીવ ગુમાવવો પડ્યો હતો. એને ખબર નહોતી કે એવું કોઈ મુહૂર્ત હતું જ નહિ જે અમને બંનેને એક કરી શકે. અમારા વચ્ચે મિલન કરાવી શકે તેવું મુહૂર્ત રચતા સિતારા કુદરતે આકાશમાં રચ્યા જ નહોતા.

હું કપિલ. લગભગ તમે બધા મને ઓળખતા થઈ જ ગયા હશો, કેમ કે મને ખાતરી છે કે નયનાએ તમને મારો પરિચય કરાવ્યો હશે. એ છે જ એવી. ક્યારેય એના મનમાંથી મારા વિચારો દૂર કરી નથી શકતી. હું પણ એને મારા હૃદયથી ક્યારેય અળગી કરી નથી શક્યો. કદાચ એટલે જ મારી જાતને રોકવાના અનેક પ્રયાસો કર્યા છતાં, પણ હું નિષ્ફળ ગયો. હું મારી જાતને નયનાથી દૂર ન રાખી શક્યો. અમે બંને એકબીજાની નજીક આવી ગયા. જે કિસ્મતને ક્યારેય મંજૂર ન હતું, ન ગયા જન્મે ન આ જન્મે.

ક્યારેક મને થતું કે હું એકલો નાગ જ આ દુનિયામાં બચીશ કેમ કે હું દિવસે ને દિવસે મારી જાતિની સંખ્યા ઓછી થતી જોઈ રહ્યો હતો.

તમને નવાઈ લાગશે કોઈ જાતિ એમ એકાએક નાશ પામે?

કેમ નહિ?

તમે ડાયનોસોર વિશે નથી સાંભળ્યું?

ના. કદાચ તેઓ આખી જાતિને મારવામાં સફળ નહિ રહે. હું ક્યારેય દુનિયા પરનો છેલ્લો નાગ નહિ બનું. હું મારા મનને સતત એવી સાંત્વના આપતો રહેતો.

મારું નામ કપિલ જે એક ઋષિનું નામ છે. જેનો અર્થ છે સુંદર, સૂર્ય, કપિલા એટલે કે વાસ્તુથી ઉત્પન્ન થયેલ - વાસ્તુ મુજબનું - મુહૂર્ત મુજબનું.

કેટલું અજીબ?

કદાચ મમ્મી-પપ્પાએ આ નામ રાખ્યું ત્યારે એમણે એનો અર્થ નહિ જોયો હોય. તેમને નામ પસંદ આવ્યું હશે એટલે રાખી લીધું હશે. મારું નામ મારા જીવન સાથે કેટલું વિરોધાભાસી હતું. મારા જીવનમાં એ મુહૂર્ત હતું જ નહિ જે હું ઇચ્છતો હતો અને નામ હતું મુહૂર્ત મુજબનું.

મારા નામ મુજબ મારો લકી દિવસ બુધવાર છે. કદાચ એટલે જ નયના મને પહેલી વાર બુધવારના દિવસે મળી હતી. પણ એ મારો લકી દિવસ ગણી શકાય? મારા મળવાથી નયનાનું જીવન જોખમમાં મુકાઈ જતું હોય તો હું એને મળ્યો એ દિવસ લકી કહી શકાય?

હું બધું જ ખોઈ ચૂક્યો હતો... અશ્વિની... રોહિત.. અશોક... રોહિણી... કૃણાલભાઈ... ભાવનાભાભી અને કેટલાય પોતાના જેમને ભૂલવા શક્ય નહોતા, પણ નયનાને ગુમાવવી મને મંજૂર નહોતું. નયનાને ખોયા પછી હું જીવી શકું તેમ ન હતો.

હું નયના સાથે રહેવા માગતો હતો, પણ એનું જીવન જોખમમાં મૂકી શકું તેમ પણ શક્ય ન હતું. કદાચ આ જ અમારું નસીબ હતું. અમે એકબીજા માટે તો બન્યાં હતાં, પણ એકબીજા સાથે રહેવાનું અમારા ભાગ્યમાં લખાયું નહોતું. મારે એને મારાથી દૂર કરવી પડી. કોઈ સલામત સ્થળે એને મોકલવી પડી જ્યાં એના જીવને કોઈ જોખમ ન હોય.

હું એને ક્યાં મૂકી શકું? કોઈ એવું સ્થળ હતું જ નહિ જ્યાં નયના સુરક્ષિત રહી શકે. કમ-સે-કમ હું મણિ પાછો મેળવી લઉં ત્યાં સુધી તો નહિ જ. મણિ પાછો મેળવ્યા પહેલાં હું એને નાગલોક લઈ જઈ શકું એમ ન હતો, કેમ કે નાગલોક જવા માટે નયનાને પાછળનો જન્મ યાદ હોવો જરૂરી હતો. નયના મણિને પોતાના માથા પર ન લગાવે ત્યાં સુધી તેને અમારો ગયા જન્મનો પ્રેમ યાદ આવી શકે તેમ ન હતો. મારે ગમે તે ભોગે મારો મણિ પાછો મેળવવો પડે તેમ હતો અને એ મણિ મળી જાય ત્યાં સુધી નયનાને સલામત રાખવી હતી જે સૌથી મુશ્કેલ કામ હતું. એ પણ આ દુનિયામાં રહીને જ, આ દુશ્મનો વચ્ચે ઘેરાયેલા રહીને જ કરવું અશક્ય હતું. તમે માનવ છો એટલે તમને એ ખ્યાલ હશે જ કે માનવ કેટલો ક્રૂર છે? કેટલો ઘાતકી છે?

હું નાનો હતો ત્યારે મને આકાશના તારાઓ દેખવાનો બહુ શોખ હતો. મમ્મી મને ઘણી વાર અગાસી પર લઈ જઈ આકાશ તરફ આંગળી કરી કેટલાક તારાઓ બતાવતી. તારો જન્મ આ તારાઓ અંગ્રેજીના ડબ્લૂ આકારમાં ગોઠવાયેલા હતા એ સમયે થયો હતો એટલે તારે હંમેશાં લડતાં રહેવું પડશે. એ કહેતી ત્યારે મને એની વાત ન સમજાતી પણ એ સાચી હતી. જિંદગી મારા માટે ક્યારેય આસાન હતી જ નહિ. ધ વૉર... એ ડબ્લૂનો અર્થ હતો વૉર એન્ડ ઑન્લી વૉર.

પપ્પાએ મને અગિયારમા જન્મદિવસે એક કેલિડોસ્કૉપ લાવી આપ્યું હતું. હું રોજ રાત્રે એ કેલિડોસ્કૉપ લઈને અગાસી પર જતો અને એ ડબ્લૂ આકારમાં ગોઠવાયેલ તારાઓને જોતો. હું ખુશ થતો કે હું એ મુહૂર્તમાં જન્મ્યો છું, ત્યારે મને ક્યાં ખબર હતી કે હું પાછળના જન્મની જેમ આ જન્મે પણ એ જ મુહૂર્તમાં જન્મ્યો છું, જે મુહૂર્તમાં જન્મનાર વ્યક્તિ ક્યારેય પોતાના પ્રેમને મેળવી નથી શકતી. તેનો પ્રેમ તેણે ગુમાવવો જ પડે છે, પણ હું હાર માની શકું તેમ ન હતો. ભલે મુહૂર્ત ગમે તે કહેતું હોય, ભલે અમારા સ્ટારમાં ફૉલ્ટ હોય હું આ વખતે મારા પ્રેમને બચાવી લઈશ. હું તેને મરવા નહિ દઉં પછી ભલે એ માટે મારે ગમે તે કરવું પડે. હું તૈયાર હતો.

કદાચ હું પાગલ લાગતો હોઈશ કે કોઈ સ્ટાર (કિસ્મત) સામે કઈ રીતે લડી શકે? કોઈના સ્ટારમાં ફૉલ્ટ હોય તો એ કઈ રીતે સુધારી શકે? પણ હું લડ્યો. મેં નયનાને બચાવવા એ બધું કર્યું જે મારે કરવું જોઈએ, જે એક નાગ કરી શકે. એક નાગ પોતાના જોડાને બચાવવા કઈ હદ સુધી જઈ શકે છે એ કદાચ તમને ખ્યાલ નહિ હોય એટલે તમને હું પાગલ લાગતો હોઈશ કે કોઈ નસીબ સામે કઈ રીતે લડી શકે? કોઈ નિયતિને કઈ રીતે બદલી શકે?

તમે સાચા છો નિયતિને બદલી શકાતી નથી. નસીબ સામે લડી શકાતું નથી. છતાં હું લડ્યો. વિવેક પણ લડ્યો. એણે આખરી દમ સુધી નયનાને બચાવવાનો પ્રયાસ કર્યો. મેં મારા આખરી દમ સુધી નયનાને બચાવવા પ્રયાસ કર્યો, પણ હું એક વાત ભૂલી ગયો. એક ચૂક થઈ હતી.

હું ભૂલી ગયો કે અમારા એક ન થઈ શકવા માટે નયનાનું જ મરવું જરૂરી ન હતું. આ વખતે નસીબે ગયા જન્મ કરતાં ઊલટો પેંતરો ગોઠવ્યો હતો. તે આ વખતે નયનાને મારવા નહિ મોત કરતાં પણ વધુ દર્દ આપવા ઇચ્છતું હતું. તે નયના પાસેથી મને છીનવી લેવા માગતું હતું. આ વખતે નસીબ મને મારી નાખવા માગતું હતું. કદાચ અમે ફરીથી મળ્યાં એના ગુસ્સામાં નસીબ નયનાને મોટી સજા આપવા માગતું હતું.

હું નસીબના એ ઊલટા પેંતરાને ન સમજી શક્યો. હું એ ચારે તરફ વૃક્ષોથી ઘેરાયેલ સ્થળે મોત સાથે લડ્યો. મારા અંતિમ શ્વાસ સુધી લડ્યો. મેં નયના તરફ જતા મોતને રોકી લીધું. પણ... નસીબ છતાંય જીતી ગયું કેમ કે એ મુહૂર્ત રચતા સિતારા આકાશમાં કુદરતે રચ્યા જ નહોતા જે કપિલ અને નયનાનું મિલન કરાવી શકે. એ મુહૂર્ત બન્યું જ ન હતું જે અમને એક કરી શકે.

હું જમીન પર પડ્યો હતો. મારા શ્વાસ વધી રહ્યા હતા, એ ઝડપી બની ગયા હતા. મેં એક નજર મારાથી થોડેક દૂર મૃત્યુની ચિરનિદ્રામાં સૂવા જઈ રહેલા વિવેક તરફ કરી. એના શ્વાસ બંધ થઈ ગયા હોય તેમ લાગ્યું, પણ એના હોઠ પર સ્મિત હતું. એના ચહેરા પર મૃત્યુનું દુઃખ ન હતું. તેનો ચહેરો લોહીથી ખરડાયેલો હોવા છતાં તે સુંદર લાગતો હતો. નાગલોકમાં રાજ કરતા કોઈ રાજાના લાડકોડમાં ઊછરેલા એકના એક રાજકુમાર જેવો સોહામણો એ ચહેરો હું ક્યારેય નહિ ભૂલી શકું. મને ખાતરી હતી નસીબ ગમે તે કરે અમે એક વાર ફરી ભેગા થવાના છીએ – સ્વર્ગમાં... ના, પૃથ્વી પર જ... કદાચ આવતા જન્મે!

મારી આંખો હજુ પલકી રહી હતી જે મને કહી રહી હતી કે હજુ હું મૃત્યુની ગોદમાં નથી. જોકે મારા અને મૃત્યુ વચ્ચે ખાસ અંતર પણ નહોતું. મારી પાંસળીઓ તૂટી ગઈ હતી. કદાચ ઇન્ટરનલ બ્લીડિંગ થઈ રહ્યું હતું, જેથી મને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી અને સૌથી ગંભીર હાલત મારા મગજની હતી. કોઈ સર્જન પણ એને ઠીક કરી શકે તેમ ન હતો છતાં મારા ચહેરા પર એક સ્મિત ફરકી ગયું, કેમ કે એ હજુ નયના વિશે જ વિચારી રહ્યું હતું.

મેં આકાશ તરફ નજર કરી. બાળપણમાં મમ્મીએ બતાવેલા તારા શોધતાં મને વાર ન લાગી. એ તારાઓનું ઝૂમખું મને એકદમ નજીક હોય તેમ દેખાયું. બાળપણમાં મારા કૅલિડોસ્કૉપથી જોતો અને દેખાતું એનાથી પણ વધુ નજીક. કરોડો કિલોમીટર દૂરના એ તારાઓ મને નજીક દેખાઈ રહ્યા હતા એટલા નજીક કે હું તેમને અડકી શકું.

કેમ ન દેખાય? મારો એમના સાથે સંબંધ જ એવો હતો. જનમ જનમનો સંબંધ. તેઓ ફરી એ જ ડબ્લ્યૂ આકાર બનાવી એ જ મુહૂર્તની રચના કરી રહ્યા હતા, જે મુહૂર્ત તેમણે મેં દુનિયામાં પહેલી વાર આંખ ખોલી ત્યારે રચ્યું હતું. મને થયું કદાચ એ મને વિદાય આપવા આવ્યા હશે.

મેં એક નજર ચારે તરફ કરી, પણ ત્યાં એ જ વૃક્ષો દેખાયાં જેમને હું બાળપણથી જોતો આવ્યો હતો. એ પણ કદાચ મને વિદાય આપી રહ્યા હતા. મને દૂર નયનાનું ઘર દેખાતું હતું. અમારા વચ્ચે પહેલી વાર એના ઘર પાછળના જે બગીચામાં વાત થઈ હતી એ બગીચો દેખાતો હતો.

એ વખતે એ સાંભળી શકે તેમ નહોતી અને કદાચ હવે હું સાંભળી શકું તેમ નહોતો. હૃદયમાં નયનાના નામ સાથે મારી આંખો બંધ થઈ ગઈ. નયનાના ચહેરાને જીવનભર આંખોમાં ભરી જીવવાનાં સપનાં જોયાં હતાં તેને બદલે માત્ર મારી આંખો આસપાસના અંધકારને પોતાનામાં સમાવી શકી. મારી આંખો બંધ થઈ ગઈ. છતાં હું ખુશ હતો, કેમ કે મેં નયના તરફ આગળ વધતાં મોતને રોકી દીધું હતું. નયના સલામત હતી.

- કપિલ

અમે કેફેટેરિયામાંથી બહાર આવ્યા. કૉલેજના ગેટ સુધી ગયા ત્યાં સુધી નયના મને જ જોતી રહી. એની આંખોમાં કેટલાય સવાલો હતા, પણ એ સવાલોને ઢાંકી દેતો એનો પ્રેમ એની આંખોમાં છલકાતો હતો. ભેડાઘાટ પર શું થયું એના દુઃખ કરતાં હું સલામત હતો એની ખુશી એના ચહેરા ઉપર વધુ દેખાતી હતી.

એ મને જોઈ રહી હતી. હું પણ એને જોઈ રહેવા માગતો હતો. મને કૉલેજનો એ દિવસ યાદ આવી ગયો જ્યારે મેં એને પહેલી વાર જોઈ હતી. મેં જ્યારે પહેલી વાર એની આંખોમાં જોયું મને એમાં અમારો ઇતિહાસ દેખાવા લાગ્યો હતો. મને એ પળ યાદ આવી ગઈ જ્યારે ગયા જન્મમાં નયનાએ મારા માટે જીવન કુરબાન કરવાનો ફેંસલો કર્યો હતો. એ જંગલ હતું જ્યાં નયનાએ કુરબાની આપી હતી. એ જ જંગલ જ્યાં મારે એના માટે એક કુરબાની આપવાની હતી. એ જ જંગલ જ્યાં મારે ફરી એક વાર લડવાનું હતું. એ જ જંગલ જ્યાં મેં બધું ગુમાવ્યું હતું. એ જ જંગલ જ્યાં હું હજુ ઘણું બધું ગુમાવવાનો હતો.

"હવે એકમેકને જોયા કરશો કે સામે દેખીને ચાલશો પણ?" વિવેકે કહ્યું ત્યારે અમને ખબર પડી કે અમે વિવેકની કાર સુધી પહોંચી ગયા હતા, પણ એકમેકમાં એમ ખોવાયેલા હતા કે અમને અંદાજ પણ ન હતો કે અમે ક્યાં છીએ.

"હા, મારું ધ્યાન રસ્તા પર જ છે..." હું કારમાં ગોઠવાયો.

મેં એક છેલ્લી વાર કૉલેજ તરફ નજર કરી. મને કૅફેટેરિયામાં હજુ પણ અશ્વિની અને રોહિત બેઠેલાં દેખાયાં. એમના સાથે એ કૉલેજ એ કૅફેટેરિયામાં વિતાવેલ દરેક પળ મારા મનમાં ડોકિયાં કરવા લાગી. મેં એ કૉલેજમાં કેટકેટલું ગુમાવ્યું હતું. રોહિણી, અશોકભાઈ, ભાવનાભાભી, અશ્વિની અને રોહિત... જો વિવેક મારી મદદે ન આવ્યો હોત તો હું નયનાને પણ ગુમાવી બેઠો હોત.

જે. એમ. વહોરાનું સાઇનબોર્ડ મને એ દરેક દુઃખ યાદ અપાવી ગયું. મેં નજર ફેરવી લીધી.

"તું મને સમજાવીશ આ બધું શું થઈ રહ્યું છે? તું કોણ છે? આઇ મીન મને ખબર છે તું કોણ છે, પણ તેં મારાથી એ વાત છુપાવી કેમ અને એ લોકો કોણ હતા જે તને મારવા માગતા હતા? તારે એમની સાથે શું દુશ્મની છે?" અમેઝની બૅક સીટમાં મારી બાજુ પર ગોઠવાતાં જ નયનાએ પ્રશ્નોનો વરસાદ શરૂ કરી દીધો.

નાગપુરમાં વરસાદ આમ પણ વારંવાર આવે છે એટલે મને એ સહન કરી લેવાની આદત હતી, પણ મેં ક્યારેય ખાસ કોઈથી દોસ્તી કરી નહોતી અને મારા જે મિત્રો હતા તેમને ખબર જ હતી કે મને પ્રશ્નોના જવાબ આપવા ગમતા નથી એટલે તેઓ મોટે ભાગે મને ક્યારેય પ્રશ્નો ન પૂછતા.

"હું તને પછી સમજાવીશ. અત્યારે અહીંથી નીકળવું જરૂરી છે." મેં નયનાને પહેલાં ક્યારેય આટલી એક્સાઇટેડ જોઈ ન હતી, છતાં એના સવાલોને ટાળવા પ્રયાસ કર્યો.

"હવે એના સવાલોના જવાબ આપ... ત્યાં જંગલમાં એને બધું જાણવાની ઉતાવળ હતી." વિવેકે ગિયર ચેન્જ કરી કારને રોડ પર ડાબી તરફ વાળી.

"તારે શું પૂછવું છે, નયના?" હું જાણતો હતો એને કોઈ એક નહિ, પણ અનેક સવાલોના જવાબ મેળવવા હતા.

"મારાં મમ્મી-પપ્પાનું શું? તારા પરિવારનું શું? આપણે એ બધાંને અહીં છોડીને કેવી રીતે જઈ શકીએ?" નયના પ્રશ્નો પૂછવા લાગી. મને એના પ્રશ્નોથી કંટાળો આવ્યો હોત, પણ હું જાણતો હતો કે એના મનમાં ઘણા પ્રશ્નો છે. જોકે હજુ ઘણા પ્રશ્નો તો એના મન સુધી પહોંચ્યા જ ન હતા કેમ કે એને પાછળનો જન્મ યાદ નહોતો. નહિતર આપણને ગયા જન્મે કોણે અલગ કર્યા હતા? કેમ અલગ કર્યા હતા? મને કેમ એ લોકોએ મારી નાખી? કુદરતે આપણા સાથે એવું કેમ થવા દીધું? અને તું મારા વિના કેવી રીતે આટલો સમય રહી શક્યો? જેવા કેટલાય સવાલો નયનાએ મને પૂછી લીધા હોત અને એ બધું એને સમજાવવું અશક્ય હતું.

"તેં મારા પ્રશ્નોના જવાબ ન આપ્યા... આપણા પરિવાર..."

"એ સલામત છે... મારા પપ્પાએ તેમને સલામત સ્થળે મોકલી દીધા છે." વિવેકે પાછળ જોયા વિના જ કાર ચલાવતાં કહ્યું.

"એમને... મમ્મી-પપ્પાને?" નયના જાણતી નહોતી કે એ કોણ હતી, પણ એનાં મમ્મી-પપ્પા જાણતાં હતાં. એમને ખબર હતી કે એક દિવસ આ થશે અને એ માટે તેઓ હંમેશાંથી તૈયારી કરતાં હતાં. નયના અને વિવેક વાતોમાં વ્યસ્ત હતાં એટલે મને નવરાશ મળી. હું બારી બહાર તાકતો રહ્યો. કદંબના શિકારીઓ અમને શહેરમાં શોધતા હોય તો મને ક્યાંક દેખાઈ જાય, પણ એવી કોઈ શંકાસ્પદ ચીજ મને ન દેખાઈ.

કદાચ કદંબ મને ભેડાઘાટ પરથી ફેંકાતો જોયા પછી હું જીવિત હોઈશ એવી કલ્પના જ નહિ કરી શક્યો હોય. નયના અને વિવેકને તેઓ હજુ જંગલમાં જ શોધી રહ્યા હશે.

"જંગલમાંથી બહાર નીકળી આપણે અહીં આવ્યાં ત્યારે મેં પપ્પાને સંદેશો મોકલી દીધો હતો કે એ તારા પરિવારને સલામત સ્થળે ખસેડી નાખે." વિવેકે આ વખતે પાછળ જોયું. હજુ તેની આંખો લાલ અંગારા જેવી હતી. મને હજુ નથી સમજાતું કોઈ માણસ આટલો ગુસ્સો કેવી રીતે કરી શકે? ક્યારેક તો મને એમ લાગે છે કે વિવેક પણ મારી જેમ એક નાગ છે તે જાદુ પણ જાણે છે, અસલી જાદુ. તેનો ગુસ્સો પણ એક નાગ કરતાં કમ નથી.

"તે એ સંદેશ ક્યારે મોકલ્યો? મને ખબરેય નથી. હું પણ તારી સાથે જ હતી ને?" નયના આસાનીથી વિવેકને છોડે એમ નહોતી.

કદંબ અને એના માણસો તો મને ક્યાંય ન દેખાયા છતાં આકાશમાં દેખાતા કાળાડિબાંગ વાદળો અને જમીન પર એ વાદળોના રમતા પડછાયા પરથી હું સમજી ગયો કે હજુ અમારા માટે અંધકાર જ છે. હજુ જોખમ ટળ્યું નથી.